# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

પ્રણય કરનારને માટે રચાયેલું છે ચોમાસું.
કે ભીંજવવા બધાને એટલે ઘેલું છે ચોમાસું.

તમારી યાદ તો ગાયા કરે મલ્હાર એવો કે,
અહીં આંખોમાં બારેમાસ જામેલું છે ચોમાસું.

છતા વરસાદમાં કોરા રહ્યા પલળ્યા નહીં સ્હેજે,
કે મનની મનમાં રૈ જાશે ને, થાકેલું છે ચોમાસું.

છે ભીતરના બધા ઉલ્લાસ રોકી રાખવા વસમા,
ભીતરને ખોલવા માટે જ આવેલું છે ચોમાસું.

- કમલ પાલનપુરી

## પાથેય

- રમેશ ઠક્કર

# ભીતરને ખોલતું ચોમાસું

આસો માસ એટલે ઉત્સવોની વણઝાર..આરંભે જ કુમકુમનાં પગલાં પડયાં જેવી સુમધુર છડી સંભળાય...પછી દશેરા, શરદપૂર્ણિમા અને પાછલે પખવાડિયે આવી રહેલી દિવાળીના અદભુત આગમનના અણસાર.

આકાશની વાત અલગ છે..એના ભેદને તાગવાનું એટલું આસાન નથી..આ તો વહેલી સવારે ટેરેસના માંડવે એકાએક જવાનું થયું..અને છીંડું શોધતાં લાધી પોળની જેમ એક નજારો ઉડીને સમાઇ ગયો આંખમાં..તમે કહેશો કે ભાઈ આ તો કવિઓની વાત..બાકી આભ તો રોજેરોજ નવા વાઘા ધારણ કરતું જ હોય છે ને ? એમ કાંઇ ગાંડા થવાય ? પરંતુ એ રીતે જોઇએ તો અમે પણ કાંઇ સાંગોપાંગ કવિ નથી તો ય આજે વહેલી સવારની છટા ઉપર વારી જતાં અમને વાર ના લાગી ! માણસની મુશ્કેલી એ છે કે એ કુદરતની અદા જોઇ છલકાઇ જતો નથી...ખરેખર આવી છાલક જ જીવનની પરિચાલક જેવી હોય છે !

આભને અંબર પણ કહે છે..હિન્દી ફિલ્મોમાં અંબરની પાછળ સ્વયંવરનો પ્રાસ જોડી દેવાય છે..અને એ રીતે સાવનનો અને સાજનનો મહિમા ગવાય છે..શ્રાવણ પોતે જ બધા મહિનાઓમાં આગવો છે..શ્રાવણનું આકાશ એ છંદોબધ્ધ કાવ્ય જેવું હોય છે..અષાઢની ઝરમર પછી રીમઝીમ ફોરાં અને બૌછારથી લથબથ એનું મોહકપણું ગજબ જ હોય છે..પણ પાછલા પરોઢની માફક પાછોતરા ચોમાસાની મજા પણ અનેરી હોય છે..

ધાબે ઉભા રહી હું આટોપાઈ રહેલા ચોમાસાને માપવાનો પ્રયાસ કરૂં છું જેમાં માણવાની વાત આપોઆપ આવી જાય છે..પાંચ દાયકાનાં ચોમાસાં જોયા પછી મારામાં એક પરિપકવતા તો છે જ..પણ મારી એ પીઢતા પ્રત્યેક નવા ચોમાસાની આવી કોઇ પળે પીગળી જઇ ખળખળ વહેવા માંડે છે..શબ્દોનું લાલિત્ય કે ભાષાની ભાવુકતા એમાં આપોઆપ ભળી જતી હોય છે..શબ્દો તો મને મળ્યા છે પણ આજે પહેલીવાર મને વસવસો થયો કે જો હું ચિત્રકાર હોત તો ! અધિક આસોના આરંભે ભરેલા નાળિયેર જેવું આ આકાશ મારી પીંછીમાં સળવળી ઉઠયું હોત !

આકાશ હજુ અવારનવાર ઘેરાઇ જાય છે વિતેલી કોઇ મજેદાર વરસાદી યાદમાં..ઘડીભર થાય છે કે વિદાયની જાહેરાત કરી ચૂકયું છે. પણ આજનું આકાશ એની એ આણ સ્વીકારવા તૈયાર નથી..થોડાક છાંટા તો એણે અમસ્તાયે મારી ઉપર નાખી જ દીધા..ઉપર દોડી જતી પંખીઓની એક હાર પણ એનો આસ્વાદ માણતી ગઇ..દૂર નગરની ઇમારતો,ખેતરો અને અવનવા લટકતા વાયરો હજુ આળસ મરડી રહયા હતા..હું પણ અનાયાસ જ આવી ચડયો હતો આકાશના આશ્લેષમાં..!

# માન કેજરીવાલ માટે જવાબદારી બની રહ્યા છે

**તંત્રીસ્થાનેથી...**

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન જર્મનીમાં જઈને જે માન ખાટી આવ્યા છે એથી આમ આદમી પાર્ટી માટે મોઢું સંતાડવા જેવી પરિસ્થિતિ ઊભી ખઈ છે. મૂળે કલાનો જીવ અને ઘરભંગ થયેલો માણસ. આપણી લોકશાહીની વિડંબના એ છે કે એમાં વોટ ઉશેટવા માટે કાં તો મોટી જ્ઞાતિ જોઈએ, કાં તો એવો ઉમેદવાર પસંદ કરો જે એની ઈતર કારકિર્દીના જોરે મતદાતાઓને પ્રભાવિત કરી શકે. પંજાબમાં મુખ્યમંત્રીના ચહેરા તરીકે કેજરીવાલે લોકમત પર મદાર રાખ્યો હતો. સર્વેક્ષણમાં લોકપ્રિય સાંસદ અને અગાઉ હાસ્ય કલાકાર તરીકે પ્રતિષ્ઠિત ભગવંત માનનું નામ ઊપસી આવ્યું હતું. માન વ્યસની હોવાની વાત જાણીતી હતી. એવી બાબતોને હસી કાઢવાની અને ગંભીરતાથી નહીં લેવાની જીવનશૈલી ધરાવતા દિલ્હી નરેશ કેજરીવાલને હવે માનના વિદેશની ભૂમિ ઉપરના ભવાડા ભારે પડી રહ્યા છે. વળી માનની આ હલકી મથરાવટીનો પરચો તો પાર્લામેન્ટને પણ થઈ ચૂક્યો છે. એવો ચિક્કાર નશો કરીને આવે કે મોઢું તો ગંધાય જ; સાથે પગ ગરબા ગાય. બોલવામાં લોચા પડે. આલ્કોહોલ માણસનું અસલી સ્વરુપ છતું કરી દેતો હોય છે. એક સમયના સુપરકોટ કેપીએસ ગીલ પીધેલી હાલતમાં પાર્ટીમાં સામેલ થયેલ સનદી રૂપલ બજારના કૂલા ટપલી મારી બેઠા હતા. એથી એમના જેવા સન્માનીય પોલીસ અધિકારીની જે દુર્દશા થઈ હતી તે સર્વવિદિત છે. દારૂનો એક છેડો દવાને અટકે છે અને બીજો છેડો દૈત્યને. ગાંધીજી માટે આઝાદી કરતાં પણ અસ્પૃશ્યતા અને દારૂબંધી જેવા રચનાત્મક કાર્યક્રમો પ્રાયોરિટી ધરાવતા હતા. એ તો એક ક્ષણ પૂરતી પણ સત્તા મળે તો, એમના શબ્દોમાં કહીએ તો ‘લીંબુ ઉછાળ’ સમય પૂરતો પણ એમને સર્વ સત્તાધીશ બનાવી દેવાય તો, સૌથી પહેલું કામ દેશમાંથી દારૂના દૈત્યને દેશવટો આપવાનું કરવા માગતા હતા. ગાંધીજીની મોટા ભાગની વાતોને દેશની નેતાગીરી અને પ્રજાએ હસી ગાઢી છે. એમ દારૂની બાબતને તો સાવ જ વાહિયાત ગણાવી છે. દારૂબંધીની નીતિ અહીં ગુજરાતમાં પણ પોલીસને તગડી કમાણી સિવાય કામની રહી નથી. શંકરસિંહ વાઘેલા જેવા લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી તો દારૂબંધી હટાવવા મુદ્દે ચૂંટણી લડી લેવાનો મૂડ બનાવી રહ્યા છે. ભગવંતસિંહ માને મુખ્યમંત્રી પદે આરૂઢ થયા ત્યારે પોતે દારૂ છોડી દીધો છે એવી જાહેરાત કરેલી. જો કે દારૂડિયાની કોઈ વાત પર ભરોસો ન કરાય, પણ પંજાબે અને કેજરીવાલે કરી દીધો ! એમણે તો મનીષ સિસોદિયા સાથે મળીને દિલ્હીમાં ઠેર-ઠેર શુદ્ધ દારૂની પરબો પર બેસાડી. એથી કેન્દ્ર સરકારને ‘લીકર કૌભાંડ’ જેવો રસપ્રદ મુદ્દો મળી ગયો. હવે ભગવંત માન કે જેઓ આ છકા-મકાની જોડી ઉપરાંત ત્રીજા ચહેરા તરીકે રેલીઓ યોજીને આમ આદમી પાર્ટી માટે વોટ માગવા નીકળે છે. એમને જર્મનીમાં જઈને પ્રોત પ્રકાશ્યું છે. કૃષિ ચર્ચાવિચારણા સુધી તો સબસલામત હતું, પણ ભારત પાછાં ફરતાં લુફથાન્ઝાની ફ્લાઈટમાં પેસેન્જરોના હોબાળાને વશ થઈ લથડિયાં ખાતા પંજાબના મુખ્યમંત્રીને ફરજિયાત ઉતારી દેવાયા એ ઘટના પંજાબ અને હિંદુસ્તાન માટે શરમજનક જ ગણાશે. અકાલીદળના વડા સુખબીર બાદલે એની તપાસ માગી છે અને કેન્દ્ર સરકારને તાકીદ કરી છે. ભગવંત માન લાખ લાળા ચાવે પણ પીધેલા હતા એ મુદ્દે લેશ માત્ર સંશય નથી. પંજાબમાં બઘટાડી બોલાવી દેનારી આમ આદમી પાર્ટી માટે હવે એનો ‘હીરો’ જ અસ્કામત મટી જવાબદારી બની ગયો છે. કેજરીવાલ માનનો બચાવ કરશે તો લોકો એમનો પણ ભરોસો નહીં કરે. પંજાબનું રાજકારણ કરવટ લઈ રહ્યું છે. કયારેય સોનિયા મંડળીના વિશ્વાસુ ધુરંધર શીખ ચહેરા તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા અમરિંદરસિંહે ભગવો ધારણ કરી લઈ ભાજપ માટે આશા જગાવી છે. માન અને મોદી કેટલું માન ધરાવ છે એની પ્રતીતિ કેન્દ્રના વર્તન પરથી થશે.

# પારકી આશ સદા નિરાશ



**રંગ અને વ્યંગ**

**અનંત પટેલ**

- મારા છોકરાને એક વખત પરીક્ષામાં નીચેની કહેવતો સમજાવો એમાં " પારકી આશ સદા નિરાશ " આ કહેવતને સમજાવવાનું પૂછાયેલુ, તે વાંચ્યા પછી મારા છોકરાએ તો એને જે આવડ્યું હશે એવું બીજાની આશા રાખ્યા વગર લખ્યું હશે એમ મેં માનેલું પણ આ બાબત મને અત્યારે યાદ આવતાં આ કહેવતને આજના સમયમાં મૂલવવાનો મને વિચાર આવ્યો છે તો ચાલો પ્રયત્ન કરી જોઈએ.
- પારકી આશ સદા નિરાશ આ કહેવત આપણે બધા સારી રીતે જાણીએ છીએ અને એને ધ્યાનમાં રાખીને આપણે કોઈ પારકાના ભરોસે રહેવાનું મહદ અંશે ટાળીએ જ છીએ તે છતાં આ બાબતે મને ગહન ચિંતન કરતાં આમાંથી કંઈક નવું જ જાણવા મળેલ છે, જે તમને અમે જણાવવા માગીએ છીએ,
- જીવનમાં એવા ઘણાં કામો હોય છે જેમાં તમારે બીજાનો ભરોસો રાખવો જ પડે..તમે બિમાર પડો ને તમારે ઝટ સાજા થવું હોય તો તમારે ડોક્ટર પાસે જવું પડે કે નહિ??
- તમારે ખેતરમાં ખેતી કરાવવી હોય કે મોટો ધંધો કરવો હોય તો તમારે બીજાની મદદ લેવી પડે કે નહિ ??
- તમે કેટલુંક કામ જાતે કરી શકવાના ?? એક જમાનો હતો જ્યારે લોકો મોટા ભાગનું કામ જાતે કરી શકતા પણ આજના યુગ માટે મારે તમને શું કહેવાનું ? તમે તો બહુ સમજદાર છો...... છોને ??
- ચાલો તમે તમારા દીકરા માટે કન્યા શોધવા જાવ કે તમારી દીકરી માટે મૂરતિયો ગોતવા તમે જાતે જ નીકળી પડો તો શું થાય ?? માત્ર કલ્પના કરી જૂઓ...તમને સફળતા મળે ખરી ? ને જો કદાચ મળે તો એ કેવી હોય ??
- અમારા ગામમાં ચીમન ચપટીએ એની બા બહાર ગામ ગયેલાં તે સાંજે આવતાં મોડુ થયું તો એ જાતે જ ભેંસને દોહવા બેસી ગયો તો ભેંસે અજાણ્યો હાથ જોતાં એક એવું પાટું માર્યું તે બે મહિના એને ખાટલામાં પડ્યા રહેવું પડેલું બોલો...
- એક છોકરાને એના દાદાએ કીધું કે ભાઈ બધું કામ જાતે જ કરવું , બીજાની વાટ જોઈને બેસી રહીએ તો એ કામ સમયસર થાય નહિ ને આપણને નુક્સાન થાય તો એણે દાદાને સામે પૂછ્યું કે લ્યો ત્યારે કાલથી નિશાળે નહિ જાઉં ને હું ઘેર જાતે જ ભણી લઉં તો ચાલે કે ??
- એટલે કહેવાનો મતલબ એ છે કે દરેક કહેવતનો મતલબ બરાબર સમજીને એનો અમલ કરીએ તો સારું થાય, બાકી એમને એમ શબ્દશ: અમલ કરી દઈએ તો ખોટું થાય ને ઉલ્ટાનું નુકસાન થાય તે નફાનું..!!
- આજનો યુગમાં આપણે સૌ સંપૂર્ણપણે અન્ય ઉપર આધારિત થઈ ગયા છીએ ...તમારો મોબાઈલ બંધ થઈ જાય તો જાવ જાતે રીપેર કરી દો તો ખરા ?? ટેક્નોલોજીએ પૂરી પાડેલી સુવિધાઓ અવિરત ચાલુ રહે એ માટે તમારે પારકાની મદદ લેવી જ પડશે..
- પોતે સારા સંકલ્પ કરવા, પોતાનું કામ જે શારીરીક રીતે તમે કરવાને સક્ષમ હોવ તે જ કરવાનો આગ્રહ રાખીએ તો એમાં કશું ખોટુ નથી , બાકી -
- આજે તો જીવનમાં અન્યના સાથ સહકાર વગર આગળ વધી શકાતું જ નથી અને એ સત્યને પામ્યા પછી એમ લાગે છે કે પારકી આશ સદા નિરાશ એમ કહેવાને બદલે હવે તો " પારકી આશ સદા હળવાશ " એમ કહીએ તો એ પણ કદાચ યોગ્ય લાગશે...શું કહો છો બોલો...

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# "ઉછીના સુખ લઈ નિષ્ફળતા તોડે એમ પણ બને ને, મારે ટકોર ખુદને, ને સમતળ થવાય એમ પણ બને.. માથું ઊંચું રાખવાં બીજાને હરદમ નમાવતો રહે પહોચ્યાં પછી શિખરે જિંદગી ટૂંકાવતો રહે એમ પણ બને"



**એમ પણ બને !**

**પારૂલ અમિત**

કેવું કોયડા જેવું જીવન છે આપણું નહીં. છતાં આપણે એવી રીતે ફરીએ છીએ કે જાણે પૃથ્વી ગ્રહ આપણે જ ફેરવી રહ્યાં છીએ.

આપણે આપણા તો ઠીક પણ આપણા આસપાસ ના સાથે રહેતા પરિવારના સભ્યોના, સાથે કામ કરતાં કર્મચારીના પણ ભાગ્ય નિર્માતા બની જતાં જોઈએ છીએ.

જિંદગીની સફર જોવા જઈએ તો રોમાંચક જ હોય છે, કાલે શું ઘટનાઓ ઘટવાની છે એ એક રહસ્ય છે.

છતાં આપણે સફળ થવા બીજાઓનો ભોગ લઈ રહ્યાં છીએ.

જે કામ આપણને સોપવામાં આવ્યું હોય છે એ ગજા બહારનું હોય છે?

કશું જ અશક્ય નથી એ વાક્ય મૂજબ જો આગળ વધીએ તો હા બધું આસાન છે. પણ સહન શક્તિ અને ઈચ્છા શકિત હોય તો જ..

આ સહન શકિત અને ઈચ્છા શકિત કોની?

આપણી નીચે કામ કામ કરનાર કર્મચારી ની?

જીવનમાં એક નિશ્ચિત ઉદ્દેશ હોવો જોઈએ ખરો. પણ બીજાઓને કચડીને , વેર વિખેર કરીને નહીં.

ટોપ પર પહોંચેલા અધિકારીઓ ના ઘરમાં એવોર્ડની. લાંબી લાઈન ને એક્વાર ધારીને જોવામાં આવે તો , કચડાઈ ને ઊભેલાં , સ્થિર થઈ ગયેલાં , સપનાં રોળેલા અને પોતાના પરિવાર દ્વારા તિરસ્કાર પામેલાં, પોતાના બાળકોના સ્કૂલ ફંકસનમાં ના જઈ શકનાર , માં બાપ સાથે રજા માં પણ સમય ના ફાળવી શકનાર ,ડૂસકાં લેતો માણસ દેખાશે.

ક્યાં પહોચવું હોય છે માણસ ને?

કેટલાં બધાં મંતવ્યો રજુ કરવામાં આવે તો સફળ થવા માટે જવાબદાર કોણ છે એ જાણવા મળે.

ઘણાં રહસ્યો છે જીવનમાં અકબંધ.

"જિંદગી એક સફર હે સુહાના
યહાં કલ ક્યા હો કિસને જાના."..

આપણને હંમેશા સસ્પેન્સ, થ્રિલર મુવી, સિરિયલ ગમતી હોય છે.

તો સસ્પેન્સ જિંદગી કેમ નહીં?

શા માટે થોડા ઉતાર ચડાવમાં આપણે ડગી જઈએ છીએ. આપણા ટોપ પર પહોંચવા માટેના સપના માટે આપણે કેટલાની જિંદગી ખરાબ કરી રહ્યાં છીએ.

આપણે પૃથ્વી પર જીવનને માણવા આવ્યા છીએ. શા માટે માણી શકતા નથી અને બચાવવાનો પ્રયત્ન કર્યા કરીએ છીએ અને આજની સફર આ પળને ટાર્ગેટ પાછળ ગુમાવી દઈએ છીએ.

ચાર દિવસની જિંદગી છે,આવું સાંભળતા આવ્યા છીએ , તો યારો ચાર દિવસ ની જિંદગી છે, જીવી લો. આજે છીએ, કાલે નથી કોને ખબર ?

આપણે એ યાદ રાખવું કે આપણી જિંદગીના સ્ક્રિપ્ટ રાઈટર એક મજબૂત રોલ આપણને આપી રહ્યાં છે અને એને આપણે પુરા દિલથી નિભાવવાનો છે, જે બધાને યાદ રહી જાય.

ઘણીવાર એવો વિચાર આવે મને કે શું બધું ઉપરવાળાનું સ્ક્રિપ્ટેડ છે?

કે આપણે વિચારીએ એવું બને. ચાલો જે હોય એ સ્વાભાવિક છે કે આપણે જીવનને માણીએ.

એ હકીકત છે કે આપણને જીવન માણવા મોકલ્યાં છે સૃષ્ટિ કર્તા એ.

આપણે નોંધ રાખીએ આપણી દિન ચર્યાની જો જો કોઈ ખાસ ઘટના ઘટે નહીં તો સમજવું આજે આપણે જીવ્યા જ નથી.

એકવાર પોતાની દિનચર્યા તપાસો તો ખબર પડશે કે, દિવસમાં આપણે કેટલી વાર હસીએ છીએ અને કેટલી વાર ફરિયાદ કરીએ છીએ.

આપણે એક દિવસમાં કેટલી જુદી જુદી રીતે જિંદગી જીવીએ છે એ પણ નોંધ કરજો.

આપણે એક દિવસમાં કેટલા રોલ નિભાવીએ છીએ, પણ બધામાંથી કયો રોલ જોરદાર હોય છે એ પણ નોંધ લેજો.

સવારે ઉઠીએ ત્યારથી સુઈએ ત્યાં સુધીની દોડાદોડી બધી રિવાઈન્ડ કરજો એકવાર અને નોંધ કરજો ક્યાં આનંદ માણવાનું ચુક્યા એ.

આપણે જન્મથી લઈ બીજા કહે એમ જ અનુસરીએ છીએ, માતા-પિતા, શિક્ષક, પછી બોસ, બાળકો

શું આ જ જિંદગી છે??? શું એક દિવસ આપણે પોતાની જિંદગીના જીવી શકીએ?

પ્રશ્ન પૂછો ખુદ ને અને જો જવાબ હા મળે તો મોડું થયું નથી જિંદગી જીવવાની શરૂઆત કરી દો યારો.

શાળા, નોકરી, ઘર આ બધું તો ચાલતું જ રહેવાનું, પણ કોઈક દિવસ તો આપણે પોતાના માટે જીવવું જોઈએ.

આપણા માટે જીવવું એટલે શું?

તો આપણને જેમાં રસ હોય એ કરવું.

એક દિવસ આ બધા માંથી છૂટીને આપણે પોતાની રીતે ગમતું કરીએ, ભાવતી રસોઈ, ભાવતી ચા, ચિત્ર, માટીકામ કે બગીચો.

કોઈને પૂછવું નથી કે હું આ કરું?ગમતું કરવા કોની પરમિશન?

પરમિશન પોતાની લો અને કહો હા તને આ ગમે છે કર આજે જ અને જીવી લે એમાં દરેક પળ.

કોઈની પરમિશનના લેવાનું કારણ એ કે કોઈ ગમે તે કહેશે? કે આવું કરાય? આવું હોતું હશે? હવે આ ઉંમરે? આવી અડચણ કે નકારાત્મક વાતો તમને પાછા વાળી શકે છે, માટે યાદ રાખો પોતાને ગમતું કરવા પોતાનો આદેશ માનો. અમુક કામો એમાંજ કરવામાં આવે જેમકે કોલેજમાં કોઈને કહ્યા વગર મુવી જોવા જવું, ડાયરીમાં કોઈકનું આપેલું ગુલાબ સંતાડી રાખવું.. બસ તો એ મજા માણવાની છે ફરીથી.

વગર કારણે મસ્ત કોફી કે ચા બનાવીએ પોતાના માટે અને ચુસ્કીની મજા માણીએ.

સંતાન માટે, સાસુમાટે, પતિ માટે કે મેહમાન માટે આપણે કહેતા હોઈએ છીએ કે ચાલો મસ્ત ચા બનાવું એકદમ ફ્રેશ થઈ જાવ એવી.

તો કયારેક પોતાને કહો, ખુદના માટે મસ્ત ચા બનાવો

અને મજા માણો.આજ જિંદગી છે ચાની ચુસ્કી જેવી. કયારે ચા ઠંડી થઈ જશે કોને ખબર અને ગરમ કરેલી વારેવારે ઉકાળેલી ચાની મજા શું?

# ‘શરીરની મર્યાદાઓને અતિક્રમવાની કથા : જોનાથન લિવીંગસ્ટન સીગલ’



**જાત સાથે વાત**

**ધર્મેન્દ્ર ત્રિવેદી**

સન.૧૯૮૬ થી ૧૯૮૯ વચ્ચેના મારા વલ્લભવિદ્યાનગરના કોલેજકાળમાં મેં કોલેજની લાઈબ્રેરીમાંથી ચોક્કસ પુસ્તકો ’બઠાવેલા’. પરંતુ પુસ્તકચોરીના મારા પોતાના આગવા નીતિ-નિયમો અને સિદ્ધાંતો હતાં! લેક્ચર્સ સિવાયના સમયે કોલેજની સમૃધ્ધ લાઈબ્રેરીમાં થોથાં ઉથલાવતો રહેતો. જે પુસ્તક મને લાગે કે આ મને અંગત માલિકીમાં જોઈએ છે તે પુસ્તક બહુ ઓછું અથવા એક વાર પણ ઈસ્યુ થયું ન હોય તેને અને નેફે ઘાલીને લાઈબ્રેરીની કેદમાંથી સ્વતંત્રતા અપાવતો! એક વાર થોથા ઉથલાવતા અમને એક સાવ નાનકડું પુસ્તક હાથે ચડ્યું. વાદળી રંગના બુક જેકેટ પર એક પક્ષીની આકૃતિએ અમને એનો રીવ્યુ વાંચવા મજબુર કર્યા. પરંતુ લગભગ એકસો અને ચુમાલીસ પાનાની આ પુસ્તિકામાં છપાયેલા દરિયાઈ પક્ષી સી-ગલના ફોટોએ મને વધુ આકર્ષેલો અને પુસ્તકમાં છે શું એ તો હરિ હરિ. પુસ્તક અમારા નેફાને સહારે ’આઝાદ’ થયું. રૂમ પર આવીને સમગ્ર પુસ્તક વંચાઈ ગયું પરંતુ કંઈ ટપ્પો પડ્યો નહીં. ભલે મને સમજાતું નથી પરંતુ આ પુસ્તકમાં એવું કશુંક છે જે મારી સમજની બહારનું છે એવા સતત આભાસે મેં સમયાંતરે આ પુસ્તક અનેકવાર વાંચ્યું. ચકમકના પથ્થર એકબીજા સાથે ઘસાય ત્યારે તણખા જરૂર થાય પણ અગ્નિ તો તણખો પ્રબળ થાય ત્યારે જ પ્રગટે ને ?

આવો એક તણખો આ પુસ્તકના લગભગ સત્તરમી વારના વાંચન દરમિયાન થયો અને દરીયાઈ પંખી જોનાથનની કથાનો ગર્ભિતાર્થ મારી અંદર એક વિસ્ફોટ કરી ગયો. આ લઘુનવલ કથાનો નાયક છે દરિયાકાંઠાના એક બંદરની આસપાસ સેંકડોની સંખ્યામાં ઉડતા સીગલ નામના સફેદ પંખીઓના સમુહનો એક યુવા સદસ્ય જોનાથન. વૈજ્ઞાનિક હકીકત એવી છે કે સીગલ પંખી હવામાં ગુલાંટો લગાવી દરિયામાંથી નાની માછલીઓનો શિકાર કરવા અથવા માછીમારો બોટમાંથી માછલીઓના જે બચેલા ટુકડા ફેંકે તેને હવામાં જ પકડી લેવા જેટલું ઝડપી ઉડવાની ક્ષમતા ધરાવે છે. સીગલ સમુદાયે ઊંચે ગગનમાં ઊડી નહીં શકવાની આ નબળાઈને પોતાની નિયતી માનીને સ્વીકારી લીધી છે. આ પુસ્તકના લેખક છે અમેરિકાના ’રિચાર્ડ બાક.’ તેઓ પાયલોટ હતા અને આ વ્યવસાયના કારણે તેઓ હવામાં ઉડવાના વિજ્ઞાનને એટલે કે ’એરો ડાયનેમિક્સ’ પણ બખુબી જાણતા હતાં. આ પુસ્તકમાં સી ગલ પંખીની શરીરરચના અને તેની ખુબીઓ અને ખામીઓને લેખકે એટલી બારીકીઓથી વણી લીધી છે કે વાત ન પુછો. આમ જુઓ તો કોઈ પણ સાહિત્યિક કૃતિમાં વૈજ્ઞાનિક તથ્યો વાચકનો રસભંગ કરે, પરંતુ એકદમ સરળ ભાષામાં સીગલ ના શરીર વિજ્ઞાનની વાતો ઉલટાનું આ પુસ્તકની અંદર છુપાયેલા આધ્યાત્મિક મુદ્દાને વધુ પ્રબળ અને પ્રભાવી બનાવે છે.

આ પુસ્તકનો નાયક જોનાથન કંઈક અલગ માટીનો બનેલો છે. તેને માત્ર પેટની આગ ઠારવા માટે ઉડવું નથી, તેને તો આકાશના સઘળા સ્તરો ભેદવા છે, અકલ્પનીય ઉંચાઈઓ સર કરવી છે અને સીગલ સમાજમાં કોઈ એ ન ધારી હોય એટલી ઝડપે ઉડવું છે. તેની આ ધુનના લીધે બાકીના સીગલ જોનાથનને પાગલ માને છે, તેને દૂન્યવી ડહાપણ આપે છે કે ’નિયતીએ આપણને ઊંચા ઉડવા માટે બનાવ્યા જ નથી.’ પણ જોનાથનની અંદર એક ચિનગારી જલતી હતી, એક આગ હતી. એને શરીરની નબળાઈઓને અતિક્રમવાની ધખના હતી, તેને કદી કોઈ સીગલે પ્રાપ્ત ન કરી હોય એટલી ઊંચાઈ પર ઊડવુ હતું.

સતત પ્રયાસ, અથાક મહેનત, તનતોડ મજૂરી છતાં તેને સંતોષ થાય એટલી ઝડપ પ્રાપ્ત નથી થતી. વધુમાં સમગ્ર સમાજની ઉપેક્ષા અને ઉપહાસનો ભોગ બનેલા જોનાથનને એક દિવસ એક શાંત કિનારે એકાંતમાં સુલીવાન નામના એક દિવ્ય સીગલનો ભેટો થાય છે. અને ત્યાંથી શરૂ થાય છે જોનાથનનું સ્વપ્ન પુરૂ કરવા તરફની સફર. શરીરના ગુણધર્મોને અતિક્રમી જતા શીખેલા જોનાથનને સાધનાને અંતે પ્રાપ્ત થતી જ્ઞાનપ્રાપ્તિ અને તેના નિરંતર આનંદનો અનુભવ થાય છે.

આમ જોનાથન લિવીંગસ્ટન સીગલ એક દરિયાઈ પંખીની સંઘર્ષયાત્રા ન બનતાં આ લઘુનવલનો જોનાથન પાનબાઈ બનીને ગુરૂ સુલિવાન ગંગાસતી બનીને તેને આધ્યાત્મિક યાત્રા દ્વારા દિવ્ય જ્ઞાનપ્રાપ્તિ સુધીના મુકામે પહોંચાડે છે. આ સાક્ષાત્કારની સાથે સાથે જોનાથનનો ઉપહાસ કરનારા, તેને ધુતકારનારા તેના સમુદાયના અન્ય સીગલને માફ કરીને જોનાથન તેમને પણ સંપૂર્ણતાની રાહે આગળ લઈ જાય છે. જોનાથન માત્ર પોતાની જ્યોત જલ્યાનો સંતોષ માનીને બેસી રહેતો નથી, પરંતુ પોતાની જ્યોતથી અન્યોની અંદર રહેલી ક્ષમતાની ચિનગારીને પ્રજ્વલિત કરવામાં લાગી જાય છે.

આ પુસ્તકની એક ઘટનાએ મને આપણા કાનુડાના જીવનની એક ઘટના યાદ અપાવી દીધી હતી. જોનાથનને શારીરિક મર્યાદાઓને અતિક્રમીને કેટલી ઝડપ પ્રાપ્ત કરી શકાય તેની ઝાંખી આપતા એક વાર સુલિવાન એક ચમત્કાર સર્જે છે. તે જોનાથનની બાજુમાંથી એકાએક અદૃષ્ય થઈને ક્ષણમાં જ થોડે દૂર દરિયાના મોજા પાસે પ્રગટ થાય છે. ભારતીય સાધનામાર્ગ તો પશ્ચિમી આ નોવેલની વિભાવનાથી પણ એક કદમ આગળ છે. મને આ સમયે એક ઉદાહરણ યાદ આવે છે. કૃષ્ણ સુદામાની મુલાકાતનું એક દૃષ્ય છે. પોરબંદરથી છેક દ્વારીકા પગપાળા આવેલા સુદમાના ઘવાયેલા પગ ધોઈને તેના ચીરા પડી ગયેલા પગ પર શ્રી કૃષ્ણ મલમ લગાવતા જાય છે, અને તેની સાથે સાથે સુદામાનું દારીદ્ર ઓછું થતું જાય છે. કહેવાય છે કે દ્વારીકામાં શ્રી કૃષ્ણ જ્યારે સુદામાની સેવા-ચાકરી કરતા હતાં, બરોબર એ જ સમયે બીજા એક શ્રી કૃષ્ણ પોરબંદરમાં સુદામાની ઝુંપડીને સ્થાને ભવ્ય મહેલ બનાવી રહ્યા હતાં. આપણી આ મનોહર કહાનીના શબ્દોની આરપાર જોઈશું તો સમજાશે કે સુલિવાન જોનાથનને એક ક્ષણમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું શિખવાડે છે, જ્યારે આપણા શ્રી કૃષ્ણ તો એક સમયે બે જગ્યાએ હાજર રહી શકે એવી દિવ્ય શક્તિ ધરાવતા હતાં.

**હેન્ડબ્રેક :**

**"કર્મકાંડ મંદિરની બાહ્ય પ્રદક્ષિણા છે,
સાધના ગર્ભગૃહની આંતરિક દિવ્યતા."**

- ધ.ત્રિ.
૯૯૭૮૪૦૫૯૬૭
djtrivedi@gmail.com